પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૨૧૮ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૯-૦૫-૨૦૨૪ ગુરુવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# કોઈ પણ સંસ્કારી સમાજમાં હિંસાને મહત્વ આપવામાં આવશે નહીં, રણધીર જયસ્વાલ

## ખાલિસ્તાનને સમર્થન આપનાર કેનેડા સામે ભારતની લાલ આંખ

લંડન

ભારત અને કેનેડાના સંબંધો પ્રતિદિન તંગ થઈ રહ્યા છે. તાજેતરમાં કેનેડામાં નગર કીર્તન પરેડ દરમિયાન ખાલિસ્તાનના સમર્થનમાં રેલીઓ કાઢવામાં આવી હતી. આ રેલીઓમાં ભારતીય નેતાઓનું હિંસક ચિત્રણ કરવામાં આવ્યું હતું. જેની સામે ભારતે સખત વિરોધ વ્યક્ત કર્યો છે. ભારતે કેનેડાને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું છે કે કોઈ પણ સંસ્કારી સમાજમાં હિંસાને મહત્વ આપવામાં આવશે નહીં.વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે તમે જાણો છો કે કેનેડામાં ઉગ્રવાદી તત્વો દ્વારા અમારા નેતાઓની હિંસક તસવીરોનો ઉપયોગ કરવામાં આવે છે. અમે આનો ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો છે. ગયા વર્ષે, અમારા ભૂતપૂર્વ વડા પ્રધાનોમાંના એકની હત્યાને દર્શાવતી એક ઝાંખીનો પણ સરઘસમાં ઉપયોગ કરવામાં આવ્યો હતો. વધુમાં, ભારતીય રાજદ્વારીઓ સામે હિંસાની ધમકી આપતા પોસ્ટરો પણ સમગ્ર કેનેડામાં લગાવવામાં આવ્યા હતા.જયસ્વાલે કહ્યું કે અમે કેનેડામાં અમારા રાજદ્વારી પ્રતિનિધિઓની સુરક્ષાને લઈને હંમેશા ચિંતિત છીએ અને આશા રાખીએ છીએ કે કેનેડાની સરકાર એ સુનિશ્ચિત કરશે કે તેઓ કોઈપણ ડર વગર તેમનું કામ કરે. અમે ફરી એકવાર કેનેડા સરકારને તેમના દેશમાં ગુનેગારો અને કટ્ટરપંથીઓને રાજકીય સ્થાન ન આપવા માટે આહ્વાન કરીએ છીએ. દેશની પ્રાદેશિક અખંડિતતા પર વિદેશીઓની ખરાબ નજર છે.કેનેડામાં ભારતીય હાઈ કમિશનર સંજય કુમાર વર્માએ ભારત-કેનેડા સંબંધો પર કહ્યું કે અમે વિદેશીઓ માટે લાલ રેખા દોરી છે જેઓ ભારતની પ્રાદેશિક અખંડિતતા પર ખરાબ નજર રાખે છે. ભારતીયો અંગે માત્ર ભારત જ નિર્ણય લેશે, ભારતનું ભવિષ્ય માત્ર ભારતીયો નક્કી કરશે વિદેશીઓ નહીં. મારી ચિંતા રાષ્ટ્રીય સુરક્ષા વિશે છે, જેને કેનેડાની ધરતી પરથી પડકારવામાં આવી રહ્યો છે.તાજેતરમાં કેનેડાના માલ્ટનમાં મ્યુનિસિપલ કીર્તન પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરેડનું આયોજન ઓન્ટારિયો ગુરુદ્વારા કમિટી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પરેડમાં ભારતના નેતાઓને નિશાન બનાવીને ઝાંખીઓ કાઢવામાં આવી હતી અને તેમની વિરુદ્ધ ઉશ્કેરણીજનક નિવેદનો કરવામાં આવ્યા હતા. પરમજીત મંડ અને દલ ખાલસાના અવતાર સિંહ પન્નુ જેવા ઉગ્રવાદી નેતાઓએ પરેડમાં ઉશ્કેરણીજનક ભાષણો આપ્યા હતા. ભારતની સુરક્ષા એજન્સીઓએ તેમને આતંકવાદી જાહેર કર્યા છે.જસ્ટિન ટ્રૂડોએ થોડા દિવસો પહેલા ટોરોન્ટોમાં ખાલસા ડે સંબંધિત એક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમના ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા, જેમાં ખાલિસ્તાનના સમર્થનમાં નારા લગાવવામાં આવ્યા હતા. ભારત સરકારે પણ આનો ઉગ્ર વિરોધ દર્શાવ્યો હતો. ટ્રૂડોએ ભારત પર નિજ્જરની હત્યાનો આરોપ લગાવ્યો હતો. ગયા વર્ષે સંસદમાં બોલતા જસ્ટિન ટ્રૂડોએ ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા માટે ભારતને જવાબદાર ઠેરવ્યું હતું. આ પછી ભારત અને કેનેડા વચ્ચે રાજદ્વારી તણાવ વધી ગયો. ત્યારથી ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો ઉતાર-ચઢાવથી ભરેલા રહ્યા છે. ભારતે ટ્રૂડો અને તેમની પાર્ટી પર ખાલિસ્તાનીઓને આકર્ષવા માટે વોટ બેંકની રાજનીતિ કરવાનો આરોપ પણ લગાવ્યો હતો. ગયા વર્ષે જૂનમાં કેનેડાના સરેમાં ગુરુદ્વારા બહાર નિજ્જરની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. નિજ્જર ખાલિસ્તાની આતંકવાદી હતો. ખાલિસ્તાન ટાઈગર ફોર્સનો ચીફ હતો. તે છેલ્લા ઘણા સમયથી કેનેડામાં રહેતો હતો અને ત્યાંથી ભારત વિરુદ્ધ ખાલિસ્તાની આતંકવાદને વેગ આપતો હતો. ગુપ્તચર સૂત્રોના જણાવ્યા અનુસાર, નિજ્જર છેલ્લા એક વર્ષમાં ભારતીય તપાસ એજન્સીઓ માટે વધુ મોટો માથાનો દુખાવો બની ગયો હતો કારણ કે તેણે લોરેન્સ બિશ્નોઈ ગેંગના ઓપરેટિવ્સને વિદેશમાં લોજિસ્ટિક્સ અને નાણાં આપવાનું શરૂ કર્યું હતું.જ્યારે ટ્રૂડો ૨૦૧૮માં ભારતની મુલાકાતે આવ્યા હતા. તે સમયે પંજાબના તત્કાલિન મુખ્યમંત્રી અમરિંદર સિંહે તેમને ખાલિસ્તાની આતંકવાદીઓની યાદી સોંપી હતી, જેમાં નિજ્જરનું નામ પણ સામેલ હતું. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ૨૦૨૦માં નિજ્જરને આતંકવાદી જાહેર કર્યો હતો. ૨૦૧૦માં પટિયાલામાં એક મંદિરની બહાર બોમ્બ વિસ્ફોટમાં તેની સામે એફઆઈઆર નોંધવામાં આવી હતી. હિંસા ભડકાવવા અને આતંકવાદી ગતિવિધિઓને પ્રોત્સાહન આપવા સહિતના અનેક કેસમાં પોલીસ તેને શોધી રહી હતી. ભારતે હરદીપ સિંહ નિજ્જરને ડેઝિગ્નેટેડ આતંકી જાહેર કર્યો હતો.એનઆઈએએ તેના પર ૧૦ લાખ રૂપિયાનું ઈનામ પણ જાહેર કર્યું હતું.

# આંધી-તૂફાન ઔર બારીશ: વાવાઝોડાએ તારાજી સર્જી, ૭ લોકોના મોત નિપજયાં

## રાંચી સહિત સમગ્ર ઝારખંડમાં અચાનક હવામાનમાં પલટો આવ્યો



રાંચી,

રાંચી સહિત સમગ્ર ઝારખંડમાં મંગળવારે સાંજે અચાનક હવામાનમાં પલટો આવ્યો. આ દરમિયાન આંધી સાથે વરસાદ ખાબક્યો. ઘણી જગ્યાએ કરા પડ્યા અને વજપાત થયો. વાવાઝોડા-વરસાદ અને કરા સાથે ઘણા વિસ્તારોમાં જોરદાર તબાહી મચાવી. ઝાડ પડવા અને વજપાતના લીધે ૭ લોકોના મોત થયા છે. જ્યારે ડઝનો લોકોને ઈજા પહોંચી છે. રાંચી પલામૂ અને ધનબાદમાં બે-બે લોકોના મોત થયા છે જ્યારે કોડરમામાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે. હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી ભારે પવન અને વજપાતનનું યલો એલર્ટ જાહેર કર્યું છે.

મળતી માહિતી અનુસાર રાંચીના ટાટીસિલવેમાં વાવાઝોડાના લીધે ઝાડ પડી ગયું હતું. તેમાં એક યુવક અને એક વિદ્યાર્થીનું મોત નિપજ્યું હતું અને ત્રણ લોકોને ઈજા પહોંચી છે. મૃતક સોનૂ સાહૂ ગોંદલીપોખર બેડવાસીનો રહેવાસી હતો. તો બીજી તરફ પલામૂમાં એક કિશો અને બાળકીનું મોત નિપજ્યું છે. થાના ક્ષેત્રના ગાજી બિહરામાં ઠનકાથી એક બાળકીનું મોત થયું છે. તો બીજી તરફ ગોલા પથ્થર ટોલામાં ૧૩ વર્ષીય વસંતનું મોત નિપજ્યું છે. કોડરમાના ચંદરવામાં એક યુવકનું મોત નિપજ્યું છે. તો બીજી તરફ વજપાતની અલગ અલગ ઘટનાઓમાં મહિલા અને યુવકનું મોત નિપજ્યું છે. હવામાન વૈજ્ઞાનિકોના અનુસાર મધ્યપ્રદેશના ઉઠેલા ચક્રવાત અને ઓડિશા અને ઝારખંડથી પસાર થવાના કારણે હવામાનમાં ફેરફાર આવ્યો છે.

વાવાઝોડા અને વરસાદના કારણે મહત્તમ તાપમાનમાં સાત ડિગ્રીનો ઘટાડો થયો છે. પૂર્વ સિંઘભુમના બહારગોરામાં સૌથી વધુ ૧૭.૬ મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે પલામુમાં ધૂળની ડમરીઓ અને ઝરમર વરસાદ થયો હતો, તો ગઢવામાં સાંજે ૪ વાગ્યાની આસપાસ જોરદાર તોફાન સાથે વરસાદ અને કરા પડ્યા હતા. કરા પડતાં શાકભાજીના પાકને ઘણું નુકસાન થયું છે.

મંગળવારે સાંજે આંધીના કારણે વિજળી કટ થઈ ગઈ છે. આંધી શરૂ થયા બાદ સુરક્ષાત્મક કારણોના લીધે શહેરમાં ૧૧ કેવીના ૧૬૦ ફીડરોમાંથી વિજળીનો પુરવઠો બંધ કરી દેવામાં અવ્યો હતો. લગભગ બે કલાક સુધી રાંચીમાં વિજળીનો પુરવઠો ઠપ્પ રહ્યો હતો. સુથી વધુ પરેશાની કોકર વિસ્તારમાં સજાઇ હતી. અહીં ઘણા વિસ્તારોમાં ૪ કલાક સુધી વિજળી ગુલ રહી હતી.

રાંચીના ગ્રામીણ વિસ્તારોમાં ભારે તારાજી વાવાઝોડાએ રાંચીના ગ્રામીણ વિસ્તારોમાં ભારે તારાજી સર્જી હતી. નગરી સહિત અનેક વિસ્તારોમાં ૫૦ કિમીની ઝડપે વાવાઝોડું ફૂંકાયું હતું. વાવાઝોડાના કારણે નાગડી વિસ્તારમાં એક પોલ્ટ્રી ફાર્મ ધરાશાયી થયો હતો. જેમાં સેંકડો બચ્ચાઓના મોત થયા હતા. ફોર્મ ઓપરેટર પવન કુમાર તિર્કી ઘાયલ થયા છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ વિસ્તારના અનેક મકાનોના છાપરા પણ ઉડી ગયા છે. વાવાઝોડાને કારણે ખેતીને પણ અસર થઈ છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર બંગાળની ખાડીમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. પ્રિ-મોન્સુન ગતિવિધિઓ હવે હવામાનને અસર કરશે. જેના કારણે ચોમાસા સુધી રાજ્યના વિવિધ ભાગોમાં હવામાનમાં પલટો જોવા મળશે. ૨૮ મે પછી રાંચી સહિત ઘણા ભાગોમાં વરસાદ ઘટી શકે છે. આ પછી તાપમાનમાં વધારો થવાની સંભાવના છે.

# બિહારમાં ઉમેદવારી માટે જૂતા અને ચપ્પલની માળા પહેરીને ગધેડા પર સવાર થઈને પહોંચ્યા





બેતિયા,

બિહારમાં ચૂંટણીના ચોથા અને પાંચમા તબક્કા માટે પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. ઉમેદવારો પણ તેમના ઉમેદવારીપત્રો સબમિટ કરી રહ્યા છે. કેટલાક તેમના ઉમેદવારી નોંધાવવા માટે સંગીતનાં સાધનો સાથે પહોંચી રહ્યા છે, જ્યારે ઘણા બળદગાડા સાથે તેમના ઉમેદવારીપત્રો ભરવા માટે આવી રહ્યા છે. અપક્ષ ઉમેદવારો અનોખી રીતે ઉમેદવારી નોંધાવીને લોકોનું ધ્યાન ખેંચી રહ્યા છે. તાજેતરનો કેસ બેતિયાનો છે. વાલ્મિકી નગર લોકસભા સીટ માટે એક અપક્ષ ઉમેદવાર જૂતા અને ચપ્પલની માળા પહેરીને અને સેંકડો સમર્થકો સાથે ગધેડા પર સવાર થઈને નોમિનેશન દાખલ કરવા આવ્યા હતા.

બેતિયા કલેક્ટર કચેરી ખાતે ઉમેદવારી નોંધાવવા પહોંચેલા અપક્ષ ઉમેદવારને જોઈને સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. હકીકતમાં, અપક્ષ ઉમેદવાર સૈયદ હવારીને તેમના સમર્થકોએ જૂતા અને ચપ્પલનો હાર પહેરાવ્યો હતો. આ સાથે તેઓ ગધેડા પર સવાર થઈને નોમિનેશન ભરવા આવ્યા હતા. ઉમેદવારી પત્ર ભર્યા બાદ સૈયદ હવારીએ કહ્યું કે તેઓ જૂતા અને ચપ્પલની માળા પહેરીને આવ્યા છે. કારણ કે હું એક ગરીબ મજૂરનો દીકરો છું અને હંમેશા જનતાના ચપ્પલ નીચે જીવવા માંગુ છું.

સૈયદે કહ્યું કે હું કોઈ મોટો નેતા નથી, લોકો મને ઓળખતા પણ નથી. તેથી, ગધેડા પર સવાર થઈને અને ચપ્પલની માળા પહેરીને હું મારું નામાંકન ભરવા આવ્યો છું. જેથી હું લોકોને સમજાવી શકું. લોકો મારા તરફ આકર્ષિત થઈ શકે છે. કારણ કે લોકો મને ઓળખતા નથી. તેણે કહ્યું કે આ પહેલા મેં ૨૦૨૧માં પંચાયતની ચૂંટણી પણ લડી હતી. સૈયદ હવારીએ તેમના કાકા સિકંદર અહેમદ સામે પશ્ચિમ ચંપારણ જિલ્લાના સિક્તા બ્લોકની સિક્તા પંચાયતના વોર્ડ ૧૧માંથી વોર્ડ સભ્યની ચૂંટણી લડી હતી. જેમાં બંનેનો ખરાબ રીતે પરાજય થયો હતો. હવે ફરી એકવાર તેઓ લોકસભાની ચૂંટણીમાં પોતાનું નસીબ અજમાવી રહ્યા છે.

# બનાસકાંઠાના કોંગ્રેસ ઉમેદવાર ગેનીબેન ઠાકોરે અંબાજીમાં દર્શન કર્યો, મતદારોનો આભાર માન્યો

અંબાજી,

રાજ્યમાં ત્રીજા તબક્કાનું મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું.મતદાન બાદ બનાસકાંઠાના કોંગ્રેસના ઉમેદવાર ગેની બેન ઠાકોરે અંબાજીની મુલાકાત લીધી છે. જ્યાં મા અંબાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ સાથે મતદારોનો આભાર માન્યો હતો.ચૂંટણી પૂર્ણ થતા જીતનો આશાવાદ વ્યક્ત કરતા કહ્યું કે અસત્યની સામે સત્યની લડાઈમાં જે મતદારોએ સહકાર આપ્યો તેનો આભાર માનું છું. મા અંબાના આર્શીવાદથી બનાસકાંઠામાં શાંતિપૂર્ણ મતદાન પૂર્ણ થયું. આ ઉપરાંત બનાસકાંઠા બેઠક પર ૬૮.૪૪ ટકા મતદાન થયુ છે.તેના માટે પણ હું આભારી છું.બીજી તરફ ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ અને રાજકોટ બેઠકના ઉમેદવાર પરશોત્તમ રુપાલાએ પણ મતદાન બાદ મતદારોનો આભાર વ્યક્ત કર્યો છે.

# ભારતીયોને રશિયા-યુક્રેન યુદ્ધ ક્ષેત્રમાં મોકલતા માનવ તસ્કરી નેટવર્કમાં કથિત રીતે સામેલ ચાર લોકોની ધરપકડ

નવીદિલ્હી,

સીબીઆઈએ ભારતીયોને રશિયા-યુક્રેન યુદ્ધ ક્ષેત્રમાં મોકલતા માનવ તસ્કરી નેટવર્કમાં કથિત રીતે સામેલ ચાર લોકોની ધરપકડ કરી છે. આમાં રશિયન સંરક્ષણ મંત્રાલયમાં કોન્ટ્રાક્ટ પર કામ કરતા અનુવાદકનો પણ સમાવેશ થાય છે. અધિકારીઓએ કહ્યું કે આ કેસમાં કેટલાક વધુ લોકોની ધરપકડ થઈ શકે છે.

સીબીઆઈએ મોડી રાત્રે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તપાસ એજન્સીએ કેરળના તિરુવનંતપુરમમાંથી બે ભરતી કરનારા અરુણ અને યેસુદાસ જુનિયર ઉર્ફે પ્રિયનની ધરપકડ કરી હતી, જ્યારે અન્ય બે આરોપીઓ નિજીલ જોબી બેન્સમ હતા, જેઓ રશિયન સંરક્ષણ મંત્રાલયમાં કોન્ટ્રાક્ટ ટ્રાન્સલેટર હતા અને મુંબઈ. નિવાસી એન્થોની માઈકલ એલાન્ગોવનની ૨૪ એપ્રિલે ધરપકડ કરવામાં આવી હતી. બેન્સમ અને એલાન્ગોવન ન્યાયિક કસ્ટડીમાં છે.એક અધિકારીએ જણાવ્યું હતું કે બેન્સમ રશિયન આર્મીમાં ભારતીય નાગરિકોની ભરતી કરવા માટે રશિયામાં કાર્યરત નેટવર્કના મુખ્ય સભ્યોમાંનો એક હતો. નિવેદન અનુસાર, એન્થોની માઈકલ દુબઈમાં તેના સહ-આરોપી ફૈઝલ બાબા અને રશિયા સ્થિત અન્ય લોકોને ચેન્નાઈમાં વિઝા પ્રક્રિયા પૂર્ણ કરવામાં અને પીડિતો માટે રશિયા જવા માટે એર ટિકિટ બુક કરાવવામાં મદદ કરી રહ્યો હતો.અરુણ અને યેસુદાસ જુનિયર કેરળ અને તમિલનાડુના ભારતીય નાગરિકોને રશિયન આર્મી માટે ભરતી કરનાર મુખ્ય વ્યક્તિ હતા. સીબીઆઈએ ટ્રાવેલ એજન્ટ્સની એક મોટી ગેંગનો પર્દાફાશ કર્યો હતો જે ભારતીય યુવાનોને રશિયામાં સારી નોકરીઓનું લાલચ આપી રહી હતી પરંતુ બાદમાં તેમના પાસપોર્ટ જપ્ત કરીને તેમને રશિયા-યુક્રેન યુદ્ધ ઝોનમાં ધકેલતા હતા, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.તપાસ એજન્સીની એફઆઈઆરમાં દેશભરમાં ફેલાયેલી ૧૭ વિઝા કન્સલ્ટન્સી કંપનીઓ, તેમના માલિકો અને એજન્ટોના નામ લેવામાં આવ્યા છે. એજન્સીએ તેમની સામે ગુનાહિત કાવતરું, છેતરપિંડી અને માનવ તસ્કરી સંબંધિત આઈપીસીની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.સીબીઆઈનો આરોપ છે કે આરોપીઓએ તેમના એજન્ટો દ્વારા ભારતીય નાગરિકોને રશિયન સેના, સુરક્ષા ગાર્ડ અને પેરામેડિક્સમાં નોકરી આપવાના બહાને રશિયામાં તસ્કરી કરી અને તેમની પાસેથી મોટી રકમની ઉચાપત કરી. એજન્ટોએ વિદ્યાર્થીઓને ફી માફી અને વિઝા એક્સટેન્શનની ઓફર કરીને સરકારી અથવા જાહેર યુનિવર્સિટીઓને બદલે રશિયાની શંકાસ્પદ ખાનગી યુનિવર્સિટીઓમાં પ્રવેશ અપાવવા માટે છેતર્યા હતા. બાદમાં વિદ્યાર્થીઓને સ્થાનિક એજન્ટોની દયા પર છોડી દેવામાં આવ્યા હતા. સીબીઆઈએ આવા ૩૫ કેસ શોધી કાઢ્યા છે જેમાં ઈન્ટરનેટ મીડિયા પ્લેટફોર્મ, સ્થાનિક સંપર્કો અને એજન્ટો દ્વારા યુવાનોને ઉચ્ચ પગારવાળી નોકરીના ખોટા વચનો આપીને રશિયા લઈ જવામાં આવ્યા હતા.

# ગુજરાતના મતદાનના આંકડા આવતા જ અમિત શાહે રાતોરાત બેઠક કરી

ગાંધીનગર,

ગુજરાતમાં મતદાન બાદ સાંજે આંકડા આવતા જ રાજકીય પક્ષોનુ ટેન્શન વધી ગયું છે. કારણ કે, ગુજરાતમાં ૨૫ બેઠકો પર સરેરાશ ૬૦ ટકાથી ઓછું મતદાન થયું છે. વલસાડ ૭૨ ટકા વોટિંગ સાથે અવ્વલ છે, તો અમરેલીમાં માત્ર ૪૯ ટકા મતદાન નોંધાયું છે. ગુજરાતમાં લોકસભાની ૨૫ બેઠકો પર સરેરાશ ૬૦% મતદાન જ થયું છે. મતદાનના આંકડા આવતા જ ગાંધીનગરમાં મોટી હલચલ જોવા મળી હતી. કારણ કે, મતદાનના આંકડા ભાજપની જીતનું ગણિત ઉંધુ પાડી શકે છે. ઓછું મતદાન જોતા જ કેન્દ્રીય ગૃહમંત્રીએ દિલ્હી જવાનું ટાળીને રાતોરાત ગાંધીનગરમાં બેઠકોનો ધમધમાટ શરૂ કર્યો હતો અને પરિણામની ચર્ચા કરી હતી. બપોર બાદ ધીમુ મતદાન અને સાંજ પછી ઓછા મતદાનના આંકડાથી ભાજપના પેટમાં ફાળ પડી છે. કારણ કે, માનો ય ન માનો, પરંતું ક્ષત્રિય આંદોલનની અસરથી ભાજપના કાર્યકરોની મહેનત ઊંધી પડી છે. તેમાં પણ ભાજપમાં આંતરિક નારાજગી પણ જોવા મળી હતી. ત્યારે આ પરિણામથી શું અસર થશે તે અંગે મતદાન પછી અમિત શાહે મોડી રાત સુધી કમલમમાં પ્રદેશના નતાઓ સાથે ચર્ચાઓ કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રીએ દિલ્હી જવાનું ટાળી સંભવિત પરિણામ અંગે સમીક્ષા કરી હતી. ભાજપે ગુજરાતની ૨૫ બેઠકો પર ૫ લાખ લીડનો ટાર્ગેટ સેટ કર્યો હતો. પરંતું ઓછા મતદાથી ભાજપનું પાંચ લાખ લીડથી દરેક બેઠક જીતવાનું સપનું ચકનાચૂક થઈ શકે છે. તેથી હવે ભાજપે આ માટે મંથન શરૂ કર્યું છે. કઈ બેઠકમાં કોંગ્રેસને કેટલો ફાયદો થશે અને ભાજપને ક્યાં ફાયદો થશે તે અંગે મંથન શરૂ કરવામાં આવ્યું છે. આ કારણે અમિત શાહે દિલ્હી જવાનું ટાળ્યુ હતું. દિલ્હી જવાને બદલે અમિત શાહ રોકાઈ ગયા હતા. સૂત્રો અનુસાર, કમલમમાં મોડી રાતે યોજાયેલી બેઠકમાં પ્રદેશ ભાજપના નેતાઓ, હોદ્દેદારો અને વિવિધ બેઠકના પ્રભઆરી હાજર રહ્યા હતા. તો બીજી બેઠક અમદાવાદના એસજી હાઈવે સ્થિત કાર્યાલયમાં પણ યોજાઈ હતી. ભાજપની આ બેઠકો ચર્ચાનું કેન્દ્ર બની હતી. કારણ કે, આ બેઠકોમાં પાર્ટીના કયા નેતાઓ નારાજ છે, અને કાર્યકર્તાઓની નારાજગી અંગે ચર્ચા થઈ હતી. આ ઉપરાંત આ બેઠકમાં કોંગ્રેસ પણ ચર્ચાનો મુદ્દો બન્યો હતો. કઈ બેઠકો પર કોંગ્રેસનું પલડુ ભારે છે. કેટલીક બેઠકો પર વિપક્ષનું પલડું ભારે છે અને આ બેઠકો પર શું ફાયદો થશે તે અંગે ચર્ચા થઈ હતી.

# ભાજપ પ્રભાવિત વિસ્તારમાં ૨૦૧૯ કરતા ૨૦૨૪માં મતદાન ઘટ્યુ

### ભાજપ પ્રભાવિત વિસ્તારમાં મતદાન ઘટ્યું

અમદાવાદના ઘાટલોડિયામાં ૬.૧૧ ટકા મતદાન ઘટ્યું. જ્યારે એલિસબ્રિજમાં ૫.૭૭ ટકા મતદાન ઘટ્યું. તેમજ નારણપુરામાં ૭.૮૫ ટકા મતદાન ઘટ્યું. આ ઉપરાંત મણીનગરમાં ૬.૩૪ ટકા મતદાન ઘટ્યું છે.

### ક્ષત્રિય પ્રભાવી બેઠક પર કેવું મતદાન?

| | ૨૦૧૯ | ૨૦૨૪ |
|---|---|---|
| આણંદ | ૬૬.૭૯ % | ૬૩.૯૩% |
| ખેડા | ૬૦.૬૮ % | ૫૭.૪૩% |
| કચ્છ | ૫૮.૨૨ % | ૫૫.૦૫% |
| જામનગર | ૬૦.૬૮ % | ૫૭.૧૭% |
| પોરબંદર | ૫૬.૭૯ % | ૫૧.૭૯ |
| રાજકોટ | ૬૩.૧૫ % | ૫૯.૬૦% |
| ભાવનગર | ૫૮.૪૧ % | ૫૨.૦૧% |
| સુરેન્દ્રનગર | ૫૭.૮૫ % | ૫૪.૭૭% |

### કોંગ્રેસ પ્રભાવિત બેઠક પર મતદાન વધ્યુ

કોંગ્રેસ પ્રભાવિત બેઠક પર મતદાન વધ્યુ છે. ૨૦૧૯માં બનાસકાંઠામાં ૬૪.૬૯ ટકા મતદાન થયુ હતુ. જ્યારે ૨૦૨૪માં બનાસકાંઠામાં ૬૮.૪૪ ટકા મતદાન થયુ છે. ગત ચૂંટણી કરતા ૩.૭૫ ટકા મતદાન વધ્યું છે.

અમદાવાદ,

લોકસભાની ત્રીજા તબક્કાની ચૂંટણી અંતર્ગત ગુજરાતમાં યોજાયેલ મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું. ગુજરાતમાં ૫૯.૫૧ ટકા મતદાન થયુ છે. જો લોકસભાની ગત ૨૦૧૯માં યોજાયેલ સામાન્ય ચૂંટણી સાથે ૨૦૨૪ની ચૂંટણીની સરખામણી કરીએ તો, આ વર્ષે ૦૫.૨ ટકા મતદાન ઓછું થયું છે. ૨૦૧૯ લોકસભામાં ગુજરાતમાં ૬૪.૫૧ ટકા મતદાન થયું હતું. અમદાવાદના જમાલપુર, ખાડિયા, દરિયાપુરમાં મતદાન ઘટ્યુ છે. દાણીલીમડામાં ૨૦૨૪માં ૫૬.૮૨ ટકા મતદાન થયુ છે.જ્યારે ૨૦૧૯માં ૬૧ ટકા મતદાન થયુહતુ. વેજલપુરમાં ૨૦૧૯માં ૬૩.૧૯ ટકા મતદાન થયુ હતુ, જ્યારે આ વર્ષે એટલે કે લોકસભા ૨૦૨૪ની ચૂંટણીમાં વેજલપુરમાં ૨૦૨૪માં ૫૬.૮૯ ટકા મતદાન થયુ છે. આ ઉપરાત જમાલપુરમાં ૨૦૧૯માં ૫૬.૮૯ ટકા મતદાન થયુ હતુ. જ્યારે જમાલપુરમાં ૨૦૨૪માં ૫૪.૬૩ ટકા મતદાન થયુ છે.આ તરફ આણંદમાં ૨૦૧૯માં ૬૬.૭૯ ટકા મતદાન થયુ હતુ, જ્યારે ૨૦૨૪માં ૬૩.૯૩ ટકા મતદાન થયુ છે. રાજકોટમાં ૬૩.૧૫ ટકા મતદાન થયુ હતુ જ્યારે ૨૦૨૪માં ૫૯.૬૦ ટકા મતદાન થયુ છે.

# લિવ-ઈન રિલેશનશિપ ભારતીય સંસ્કૃતિ માટે 'કલંક' છે: છત્તીસગઢ હાઈકોર્ટ

રાંચી,

છત્તીસગઢ હાઈકોર્ટે લિવ ઈન રિલેશનશીપને લઈને મહત્વનો નિર્ણય સંભળાવ્યો છે. કોર્ટે કહ્યું છે કે આ ભારતીય સંસ્કૃતિનું અપમાન છે. હાઈકોર્ટ (છત્તીસગઢ હાઈકોર્ટ)એ તેની ટિપ્પણીમાં કહ્યું કે આ પશ્ચિમી દેશ દ્વારા લાવવામાં આવેલ વિચારસરણી છે, જે ભારતીય રિવાજોની સામાન્ય અપેક્ષાઓથી વિરુદ્ધ છે. છત્તીસગઢ હાઈકોર્ટે દંતેવાડા સાથે જોડાયેલા એક કેસમાં આ નિર્ણય આપ્યો છે.

જસ્ટિસ ગૌતમ ભાદુરી અને સંજય એસ અગ્રવાલની ડબલ બેન્ચે લિવ-ઈન રિલેશનશિપમાંથી જન્મેલા બાળકની કસ્ટડીના કેસમાં કડક ટિપ્પણી કરી હતી. વાસ્તવમાં પિતાએ બાળકની કસ્ટડીને લઈને હાઈકોર્ટમાં અરજી કરી હતી. આ જ કેસની સુનાવણી બાદ કોર્ટે આ અરજી ફગાવી દીધી હતી. આકરી ટીપ્પણી કરતાં કોર્ટે કહ્યું હતું કે સમાજના કેટલાક વર્ગોમાં અપનાવવામાં આવેલ લિવ-ઈન રિલેશનશિપ હજુ પણ ભારતીય સંસ્કૃતિમાં કલંક સમાન છે, કારણ કે લિવ-ઈન રિલેશનશિપ એક આયાતી ખ્યાલ છે, જે સામાન્ય અપેક્ષાઓથી વિરુદ્ધ છે. ભારતીય રિવાજો.

કોર્ટે કહ્યું કે વિવાહિત વ્યક્તિ માટે લિવ-ઈન રિલેશનશિપમાંથી બહાર આવવું ખૂબ જ સરળ છે. આવા કિસ્સાઓમાં, કોર્ટ આ ત્રાસદાયક લિવ-ઈન રિલેશનશિપમાંથી બચી ગયેલી વ્યકિત અને તે સંબંધમાંથી જન્મેલા બાળકોની દુર્દશા પ્રત્યે આંખો બંધ કરી શકતી નથી. કોર્ટે આ સંબંધને ભારતીય માન્યતાઓ વિરુદ્ધ ગણાવ્યો છે.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

પંચમહાલ સમાચાર

# અખાત્રીજના યોજાનારા લગ્નસમારંભો પર તંત્રની રહશે બાજ નજર

લુણાવાડા, મહિસાગર જીલ્લામાં હાલ લગ્નસરાની મોસમ ચાલી રહી છે અને તેમાય ખાસ કરીને અખાત્રીજ (અક્ષયતૃતિયા)ના દિવસને લગ્ન માટે શુભ માનવામાં આવે છે. જેથી મહિસાગરમાં બાળલગ્ન ન થાય તે માટે તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવનાર છે. આ પ્રકારના બાળલગ્નોમાં સામેલ થનાર ગોરમહારાજ, રસોયા, મંડપ ડેકોરેશન, ડી.જે, બેન્ડબાજા વાળા, ફોટોગ્રાફર સહિતનાઓની સામે પણ કાર્યવાહી કરવામાં આવશે.

આ અંગે બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જીલ્લા સમાજ સુરક્ષા અધીકારીએ જણાવ્યું કે, સમુહલગ્નનાં આયોજકો તથા વર-કન્યાના માતા-પિતા સહીત અન્ય લોકો પણ બાળલગ્નની મદદગારીમાં સામેલ હોય તો પણ તેમની સામે ગુનો નોધાય છે.

આ ઉપરાંત બાળલગ્નોની જાણકારી બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી અથવા પોલીસને મળે અને આવા લગ્ન અટકાવવામાં આવે ત્યારે લગ્નનો ખર્ચ માથે પડે છે. જેના પરીણામે લગ્ન કરાવનારની પ્રતિષ્ઠાને પણ અસર થાય છે તેથી લગ્ન નકકી થાય તે પહેલાં જ વર-કન્યાની ઉંમરની ચકાસણી કરી લેવામાં આવે તો બાળ લગ્નનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહી. બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ મુજબ ૨૧ વર્ષથી નીચેનો યુવક તથા ૧૮ વર્ષથી નીચેની યુવતીના લગ્ન કરવા, કરાવવા કે આવા લગ્ન કરાવવામાં મદદગારી કરવી તે પણ ગુનો બને છે તથા આ કાયદા હેઠળ બે વર્ષની જેલની સજા તથા એક લાખ રૂપિયા સુધીનો દંડ ઉપરાંત બિનજામીન પાત્ર ગુનો બને છે. જો આવા લગ્ન કરાવવામાં આવે તો વર-કન્યાના માતા પિતાલગ્ન કરાવનાર ગોર મહારાજ, સમુહ લગ્નના આયોજકો, કેટરર્સ, મંડપ સર્વિસવાળા, ફોટોગ્રાફર, વિડીયોગ્રાફર, ડી.જે., બેન્ડબાજાવાળા, સહિતના મદદગારી કરનાર ઈસમો સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.જીલ્લામાં જો કોઈપણ જગ્યાએ બાળલગ્નો જણાઈ આવે તો જનતાને વિનંતી કે મહિસાગર બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, રૂમ નંબર-૨ ગ્રાઉન્ડ ફ્લોર જીલ્લા સેવા સદન, કલેકટર કચેરી લુણાવાડા જીઃમહિસાગર ફોન નં ૦૨૬૭૪- ૨૫૨૯૬૮, જીલ્લા બાળ સુરક્ષા એકમ, રૂમ નં.૨૧૨, બીજો માળ, જીલ્લા સેવા સદન, કલેકટર કચેરી લુણાવાડા જી.મહિસાગર ફોન નં. ૦૨૬૭૪-૨૫૦૫૩૧, ચાઈલ્ડ હેલ્પ લાઈન ૧૦૯૮, ૧૧૨, ૧૮૧ મહિલા હેલ્પ લાઈન અભયમ, પોલીસ કન્ટ્રોલર નંબર ૧૦૦ ને જાણ કરવા લોકોને અપીલ કરવામાં આવે છે.તેમ બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ. જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીની અખબારી યાદીમાં જણાવેલ છે.

# બાકોર પોલીસે નરોડા ખુટેલાવ ચાર રસ્તા ઉપર વોચ ગોઠવી બે ક્રેટા ગાડીમાં લઈ જવાતો ૨.૫૬ લાખનો ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપ્યો



લુણાવાડા, મહિસાગર જીલ્લાના બાકોર પોલીસ મથકને મળેલ બાતમીના આધારે નરોડા ખુટેલાવ ચાર રસ્તા ઉપર વોચ ગોઠવી હતી અને ક્રેટા ગાડી માંથી ઈંગ્લીશ દારૂ અને બીયર મળી ૧,૫૯,૦૦૦/-રૂપીયા તેમજ ગાડી મળી ૪,૫૯,૦૦૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.પ્રાપ્ત વિગતો મુજબ મહિસાગર બાકોર પોલીસ મથકને બાતમી મળી હતી કે, રાજસ્થાન માંથી બે ક્રેટા ગાડી માંથી ગાડી નંબર જીજે.૦૬.એલકે.૯૧૧૦માં ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ ભરીને લવાઈ રહ્યો છે. શામળાજી-મોડાસા-લુણાવાડા થઈને વડોદરા તરફ લઈ જવાઈ રહ્યો છે. તેવી ચોકકસ બાતમીના આધારે બાકોર પોલીસે નરોડા ખુટેલાવ ચાર રસ્તા ઉપર વોચ ગોઠવી હતી અને બાતમીવાળી કાર આવતાં રોકવા જતાં નાશી જવાની કોશીષ કરી રોડ સાઈડમાં અંધારામાં ગાડી છોડી ચાલક નાશી છુટેલ હોય પોલીસે ગાડી માંથી ઈંગ્લીશ દારૂની બોટલ નંગ-૯૬૦ અને બીયર ટીન નંગ-૫૦૪ મળી કુલ ૧,૫૯,૦૦૦/-રૂપીયાનો દારૂનો જથ્થો તેમજ ગાડી મળી કુલ ૪,૫૯,૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ આ બાબતે બાકોર પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.જયારે બીજા બનાવમાં બાકોર પોલીસે બાતમીવાળી ક્રેટા ગાડી નંબર જીજે.૦૬.કેએચ. ૬૩૯૬માં નરોડા ખુટેલાવ ચાર રસ્તા ઉપર વોચ ગોઠવી તે ગાડીને રોકવા જતાં ગાડીના ચાલક ગાડી ભગાડી મુકી હતી અને રોડ સાઈડમાં અંધારાનો લાભ લઈ કાર છોડી નાશી છુટીયો હતો. પોલીસે કારમાં ચેકીંગ કરવામાં આવ્યું હતું. ચેકીંગ દરમિયાન ઈંગ્લીશ દારૂની બોટલ નંગ-૮૫૧ તથા બીયર ટીન નંગ-૯૬ મળી ૯૭,૧૦૦/-રૂપીયાનો તથા ક્રેટા ગાડી મળી કુલ ૩,૯૭,૧૦૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે બાકોર પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# ટુ વ્હીલર, થ્રી વ્હીલર તેમજ ફોર વ્હીલર, ટ્રાન્સપોર્ટ વાહનોને લગતી નવી સીરિઝનું રી-ઓકશન શરૂ

નડીયાદ, પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, નડીયાદ (ખેડા) દ્વારા તમામ મોટર વાહન માલિકોને જણાવવામાં આવે છે કે રી ઓકશન ટુ-વ્હીલર જી.જે.૦૭.ઈ.કયુ (EQ) , ફોર વ્હીલર જી.જે.૦૭.ડીજી (DG) તથા થ્રીવ્હીલર જી.જે.૦૭.એયુ (AU) અને ટ્રાન્સપોર્ટ જી.જે.૦૭.ટીયુ (TU) અને અન્ય વ્હીકલ (કન્સ્ટ્રકશન ઈકયુપ્મેંન્ટ) જી.જે.૦૭.સીડી (CD) તા.૧૫-૦૫-૨૦૨૪ થી શરૂ કરવામાં આવનાર હોઈ પસંદગી નંબર મેળવવા ઈચ્છુક વાહન માલિકો તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરી online http:parivahan.gov.in/fancy પર online રજીસ્ટ્રેશન કરી ઓકશનમાં ભાગ લઈ શકશે.

જે માટે અરજદારોએ parivahan.gov.in વેબસાઇટ પર જવુ. વેબસાઇટમાં દર્શાવેલા ઓનલાઇન સર્વિસ પર કિલક કરવું. ત્યારબાદ fancy number booking પર ક્લિક કરવું. જેમાં પબ્લિક યુઝર પસંદ કરી આઈ.ડી. બનાવવું. આઈ.ડી.બનાવ્યા બાદ સી.એન.એ ફોર્મ ઓનલાઈન ભરવું. પસંદગીનો નંબર સિલેકટેડ કરી દર્શાવેલી ઓછાંમાં ઓછી ફી ભરી દેવી. ઓનલાઇન ફી ભર્યા બાદ બિડિંગ એટલેકે હરાજીમાં ભાગ લેવો. હરાજીમાં નંબર મેળવ્યા બાદ ૫ દિવસમાં હરાજીની બાકીની રકમ ભરવી. હરાજીની રકમ ભર્યા બાદ આર.ટી.ઓ માંથી એપ્રૂઅલ લઈ નંબર લઈ લેવો. વાહન ખરીદીના સાત દિવસમાં અરજદારે સી.એન.એ ફોર્મ ભરવાનું રહેશે. ટુ વ્હીલર સીરિઝ GJ07EQ- નું ઓનલાઈન રી ઓકશન થશે. ફોર વ્હીલર સીરિઝ GJO7DG- નું ઓનલાઈન રી ઓકશન થશે. થ્રીવ્હીલર સીરિઝ GJ07AU- નું ઓનલાઈન રી ઓકશન થશે. ટ્રાન્સપોટ સીરિઝ GJ07TU- અને અન્ય વ્હીકલ (કન્સ્ટ્રકશન ઇકયુપ્મેંટ) જી.જે.૦૭.સીડી (CD)નું ઓનલાઈન રી ઓકશન થશે.

રજીસ્ટ્રેશન પ્રક્રિયાનો સમયગાળો તા.૧૫-૦૫-૨૦૨૪, બપોરે ૦૪:૦૦ કલાક થી તા. ૧૭-૦૫-૨૦૨૪ ને ૦૩:૫૯:૫૯ કલાક સુધી અને ઓકશન પ્રક્રિયાનો સમયગાળો તા. ૧૭-૦૫-૨૦૨૪, બપોરે ૦૪:૦૦ કલાક થી ૧૯-૦૫-૨૦૨૪, બપોર ૦૪:૦૦ કલાક મુજબ રહેશે.

વાહનની વેચાણ તારીખ અને વીમા તારીખ તે બે માંથી જે વહેલુ હોય તે તારીખથી ૭ દિવસ ની અંદર સી.એન.એ. ફોર્મ ઓનલાઇન કરેલ હોવું ફરજીયાત છે. તે અરજદારો પસંદગીના નંબર માટે ૬૦ દિવસ સુધી ઈ-ઓકશનમાં ભાગ લેવા અરજી કરી શકશે. સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે. ઉપરોકત પદ્ધતિની સંબંધકર્તા વાહન માલિકોએ નોંધ લેવા પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, નડિયાદ દ્વારા જણાવવામાં આવ્યુ છે.

# બોડેલી બૂથ ઉપર ૭૯૦ મતમાંથી માત્ર ૪૧ મત પડ્યા, કુંજરા બૂથ પર ૭૩૪ મતમાંથી માત્ર ૩ મત પડ્યા

બાલાસિનોર, બાલાસિનોર તાલુકાની જમિયતપુરા સીમમાં મેસર્સ મોર્યા પ્રા.લી. વેસ્ટ કેમિકલ ડમ્પિંગ કરવાની સાઈટ છેલ્લા ૫ વર્ષથી કાર્યરત છે. આ ડમ્પિંગ સાઈટમાં ડમ્પ કરાતા કેમિકલ જમીનમાં ઉતરતા આસપાસના કૂવાઓમાં કેમિકલયુકત પાણી આવતું હોવાના આક્ષેપ આજુબાજુના ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યા હતા. ત્યારે આસપાસના ગ્રામજનો દ્વારા આ ડમ્પીંગ સાઈટ કાયમી ધોરણે બંધ કરવા અનેક વાર આવેદન પત્રો આપવામાં આવ્યા હતા. પરંતુ તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની કાર્યવાહી ન કરાતા બાલાસિનોર બોડોલી, ભોગિયાકીનારી બળિયાદેવ એમ ત્રણ ગ્રામ પંચાયતના મતદારો દ્વારા ડમ્પીંગ સાઈટ ના વિરોધમાં ચૂંટણી બહિષ્કારની ચીમકી આપવામાં આવી હતી. જેને લઈને તંત્ર તાત્કાલિક દોડતું થયું હતું. બાલાસિનોર પ્રાંત અધિકારી દ્વારા, ડમ્પીંગ સાઈટને ૧૩ મે સુધી બંધ રાખવાનો હુકમ કરવામાં આવ્યો હતો. પરંતુ ૧૩ મે પછી ડમ્પીંગ સાઈટ ફરી કાર્યરત થઈ જાય તેવો પ્રશ્ન મતદારોના મનમાં મૂંઝાતો હતો. અને લોકસભાની ચૂંટણી ને લઈને તંત્ર દ્વારા આજુબાજુના ગ્રામજનોને લોલીપોપ આપ્યો હોવાની ચર્ચાએ જોર પકડ્યું હતું. અને ચૂંટણી ના દિવસે આજુબાજુના મતદારોએ પોતાનો મિજાજ બતાવી દીધો હતો. બોડેલી બુથ ઉપર સાંજે ૫ વાગ્યા સુધી ૭૯૦ ના મતદાનમાંથી માત્ર ૪૧ મત અને કુંજરા ગામના બુથ ઉપર ૭૩૪ મતમાંથી માત્ર ૩ મત પડ્યા હતા. જેથી ઓછું મતદાન થતાં ડમ્પીંગ સાઈટ ના વિરોધને લઈને મતદાન બહિષ્કાર યથાવત રહ્યું હતું.જેથી તંત્ર અસમંજસમાં મુકાયું હતું.

> સમજાવ્યા છતાં ઉકેલ નહીં હું અને પ્રાંત બોડોલી ગ્રામ પંચાયતના મતદારોને સમજાવવા ગયા હતા. પરંતુ સમજાવવા છતાં કોઈ ઉકેલ આવ્યો નહિ.
> :-રાજેન્દ્રસિંહ વાઘેલા, મામલતદાર,બાલાસિનોર

# કઠલાલ પોલીસ મથકના અપહરણના ગુનાના આરોપીને બાલાસીનોર પોલીસે ભોગ બનનાર સાથે ઝડપી પાડયો

બાલાસીનોર, મહિસાગર જીલ્લા બાલાસીનોર પોલીસે કઠલાલ પોલીસ મથક અપહરણના ગુનાના આરોપી અંગે પોલીસને મળેલ બાતમીના આધારે બાલાસીનોર તાલુકા પોલીસે આરોપીને સગીરા સાથે ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ મહિસાગર જીલ્લાના કઠલાલ પોલીસ મથકે આરોપી વિરૂદ્ધ અપહરણનો ગુનો નોંધાયેલ હોય તેવા આરોપી સુરેશભાઇ ગોપાલભાઇ મહેરા (રહે. ભોઈવાસ, બાલાસીનોર) અંગે પોલીસને બાતમી મળી હતી કે, આરોપી ભોગ બનનાર સગીરા સાથે દેવ ચોકડી ખાતે આવનાર છે. તેવી ચોકકસ બાતમીના આધારે બાલાસીનોર તાલુકા પોલીસે આરોપીને ભોગ બનનાર સગીરા સાથે ઝડપી પાડી કઠલાલ પોલીસને સોંપવામાં આવ્યો.

# ભુક્કા બોલાવતી ગરમી સાથે વરસાદનું પણ અનુમાન લગાવાયું

અમદાવાદ, ગુજરાતમાં હાલ ભુક્કા બોલાવતી ગરમી પડી રહી છે. ત્યારે હવામાન વિભાગે કાળઝાળ ગરમી સાથે કમોસમી વરસાદની પણ આગાહી કરી છે.અમદાવાદમાં ૪૩.૩ ડિગ્રી જ્યારે ભુજમાં ૪૩.૫ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. હવામાન વિભાગની આજની આગાહી પ્રમાણે, હીટવેવ અને વરસાદ બંનેની આગાહી આગામી સાત દિવસ માટે આપવામાં આવી છે.હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના અભિમન્યુ ચૌહાણે, ગુજરાતના હવામાન અંગે આજથી સાત દિવસનું અનુમાન જણાવ્યુ છે. ગુજરાતમાં પાંચ દિવસ હવામાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં ૪૩.૩ ડિગ્રી તાપમાન અને ગાંધીનગરમાં ૪૨.૫ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. જયારે રાજ્યમાં સૌથી વધારે તાપમાન ભુજમાં ૪૩.૫ ડિગ્રી નોંધાયુ છે.આ સાથે તેમણે આગામી ૨૪ કલાકમાં અમદાવાદમાં ૪૩ ડિગ્રી તાપમાન રહેશે. તે બાદ અમદાવાદનું તાપમાન ૪૨ ડિગ્રી રહેશે. જયારે ગાંધીનગરમાં ૪૨ ડિગ્રી તાપમાન રહેવાની આગાહી કરવામાં આવી છે. હીટવેવની વાત કરતા કચ્છમાં તાપમાન વધતા હીટવેવ વોર્નિંગ આપવામાં આવી છે તેમ જણાવ્યુ છે. કચ્છમાં વધતા તાપમાનને કારણે યલો એલર્ટની શક્યતા દર્શાવવામાં આવી છે.અભિમન્યુ ચૌહાણે વરસાદ અંગેની આગાહી આપતા જણાવ્યુ છે કે, ગુજરાતમાં આગામી ત્રણ દિવસ હવામાન શુષ્ક રહેશે. જ્યારે ચોથાથી છઠ્ઠા દિવસમાં દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદની આગાહી આપી છે. તેમણે જણાવ્યુ કે, ચોથા, પાંચમા અને છઠ્ઠા દિવસે વરસાદની દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં શક્યતા છે. ચોથા દિવસે ડાંગ જિલ્લામાં વરસાદ થવાની આગાહી છે.

# સહેજ પણ ભૂલ કરશે તો રામ મંદિર પર બાબરીના નામ પર તાળું લગાવી દેશે, રામ ગોપાલના નિવેદન પર અમિત શાહ ગુસ્સે

લખીમપુરખેરી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બુધવારે લખીમપુરમાં ચૂંટણી રેલીને સંબોધિત કરી હતી. સપા નેતા રામ ગોપાલ યાદવના નિવેદન પર તેમણે કહ્યું કે તેઓ રામ મંદિરને નકામું કહે છે. જો તેઓ સહેજ પણ ભૂલ કરશે તો બાબરીના નામે રામ મંદિરને તાળા મારી દેશે. શાહે કહ્યું કે જ્યારે ઉત્તર પ્રદેશમાં સપાની સરકાર હતી. ગુંડાગીરી ચાલતી હતી. જમીનો પર અતિક્રમણ થયું હતું. હોળી અને દિવાળીના દિવસે વીજળી ન હતી અને રમઝાન દરમિયાન ૨૪ કલાક વીજળી હતી.

અમિત શાહે કહ્યું કે કોંગ્રેસ, સપા અને બસપા ખોટો પ્રચાર કરીને ભાજપ અને મોદીને બદનામ કરી રહ્યા છે. તેઓ કહી રહ્યા છે કે મોદીને ૪૦૦ સીટો આપો તો અનામત જતી રહેશે. તેમણે કહ્યું કે કર્ણાટકમાં કોંગ્રેસને બહુમતી મળી છે. ત્યાં પછાત વર્ગના અનામતમાં કાપ મુકવામાં આવ્યો અને મુસ્લિમોને પાંચ ટકા અનામત આપવામાં આવી. કોંગ્રેસ પાર્ટીએ પછાત વર્ગની અનામત કાપવાનું કામ કર્યું. ગૃહમંત્રીએ બંધારણ વિરોધી મુસ્લિમ અનામતને ખતમ કરવાની વાત કરી હતી.

ગૃહમંત્રીએ કહ્યું કે રાહુલ બાબા કહે છે કે તેઓ એક જ ઝટકામાં ગરીબી હટાવી દેશે. તમારી દાદીએ અચાનક કટોકટી લાદી. પિતાએ એક જ વારમાં ટ્રિપલ તલાકની રજૂઆત કરી. તમારી પાર્ટીએ પછાત વર્ગની અનામત છીનવી લેવાનું કામ એક જ વારમાં કર્યું. ગૃહમંત્રીએ પોતાના સંબોધનમાં ઝછછનો ઉલ્લેખ કરીને કોંગ્રેસ પર નિશાન સાધ્યું. કહ્યું કે રાહુલ બાબા કહે છે કે અમે ઝછછ હટાવીશું. હે રાહુલ બાબા... તમારી દાદી ઉપરથી આવશે તો પણ ઝછછ હટાવવામાં આવશે નહીં. વિપક્ષી ગઠબંધન અંગે તેમણે કહ્યું કે તેમની પાસે વડાપ્રધાન પદનો ઉમેદવાર પણ નથી. તેમની પાસે ન તો કોઈ નેતા છે, ન કોઈ મિશન, ન કોઈ નીતિ. તે માત્ર



પરિવારવાદ છે.

તેમણે કહ્યું કે ત્રીજા તબક્કાની ચૂંટણી થઈ ગઈ છે. મોદી ૧૯૦ સીટો પાર કરી ગયા છે. ચોથા તબક્કામાં વધુ મજબૂતાઈથી આગળ વધી રહ્યા છીએ. સપા, કોંગ્રેસ અને બસપાનો સફાયો થઈ ગયો છે. તેમણે કહ્યું કે આ ચૂંટણી મોદીને ત્રીજી વખત વડાપ્રધાન બનાવવાની ચૂંટણી છે. ત્રણ કરોડ ગરીબ બહેનોને કરોડપતિ બનાવવાની ચૂંટણી છે. ચૂંટણી ચાર લાખ ગરીબોને ઘર આપવાની છે. તે લોકોને સમૃદ્ધ બનાવવાની પસંદગી છે. શાહે છોટી કાશી, સંકટ દેવી મંદિર, દેવકાલી મંદિર અને અન્ય મંદિરોમાં શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે ભાજપના દિવંગત કાર્યકર સર્વેશ વર્માને શ્રદ્ધાંજલિ આપી હતી.

દરમિયાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે એટા પહોંચ્યા હતા. અહીં તેમણે ફરુખાબાદ લોકસભા મતવિસ્તારથી ભાજપના ઉમેદવાર મુકેશ રાજપૂતના સમર્થનમાં એક જાહેરસભાને સંબોધી હતી. અલીગંજ વિધાનસભા ક્ષેત્રના ડીએવી મેદાનમાં મુખ્યમંત્રીની બેઠક યોજાઈ હતી. આ દરમિયાન મુખ્યમંત્રીએ વિપક્ષને આડે હાથ લીધા હતા.

સીએમએ કહ્યું કે જેઓ પહેલા ગરીબોની જમીનો પર કબજો જમાવતા હતા તેઓ દીકરીઓ માટે મુશ્કેલી ઉભી કરતા હતા. વેપારીઓ માટે મુશ્કેલી ઊભી કરવા માટે વપરાય છે. આજે તેના ગળામાં તકતી જોઈને સારું લાગે છે, નહીં? કહ્યું કે રામ ગોપાલ યાદવને રામ મંદિર પસંદ નથી, આ લોકો આતંકવાદીઓને જેલમાંથી મુક્ત કરાવતા હતા.

તેમણે કહ્યું કે એસપીને યુવાનોની ચિંતા નથી, દીકરીઓની ચિંતા નથી, વેપારીઓની ચિંતા નથી. તેને આતંકવાદીઓની ચિંતા હતી. ૨૦૧૨માં સરકાર બન્યા બાદ આતંકવાદીઓ સામેના કેસ પાછા ખેંચવાનો પહેલો નિર્ણય લેવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે લોકોને વિકાસ અને સુરક્ષામાં વિશ્વાસ છે. હવે કોઈની જમીન પર અતિક્રમણ નથી.

તેમણે કહ્યું કે મોદીની ગેરંટી ગુલામીની આદતમાંથી છૂટકારો મેળવવા અને પ્રજાના વારસાને બચાવવાની છે. દરેક વ્યક્તિએ પોતપોતાનું કામ કરવું જોઈએ. લખનૌ અને દિલ્હીની સરકાર લોકોની સુરક્ષા અને વિકાસનું ધ્યાન રાખશે.તેમણે કહ્યું કે આજે વિશ્વમાં ભારતનો ધ્વજ લહેરાયો છે. ગરીબ કલ્યાણકારી યોજનાઓને લોકો સુધી પહોંચાડવામાં આવી રહી છે. કહ્યું કે ભારત શરિયત અને જેહાદથી નહીં ચાલે. ભારત બાબા સાહેબના બંધારણ પર ચાલશે. કહ્યું કે બાબા સાહેબના સમયમાં લોકો ભૂખે મરતા હતા, આજે બધાને મફત રાશન મળે છે.તેમણે કહ્યું કે આજે દરેક પરિવારને આયુષ્માન ભારત કાર્ડ દ્વારા ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવાર મળે છે. આ સિવાય જેની પાસે આ કાર્ડ નથી તેણે મંત્રી, ધારાસભ્ય, સાંસદ, પૂર્વ ધારાસભ્ય કે સરકારને પત્ર લખવો જોઈએ, જો તે સારવાર ન કરાવી શકે તો સરકાર તેની સારવાર કરાવે છે. અગાઉ સરકારમાં બેઠેલા લોકો દ્વારા નોકરીઓ પડાવી લેવામાં આવી હતી. આજે યુવાનોની નોકરીઓ છીનવી લેનારા લોકોને જેલમાં ધકેલી દેવામાં આવે છે.

## આપની આજ.......

મેષઃ આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો, કાયદાકીય વિવાદમાં સફળતાની સંભાવના છે અને સ્થાળાંતરણની યોજના સફળ થઈ શકે છે.

વૃષભઃ આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઈનલ થઈ શકે છે. સરકાર તરફથી વિશેષ સન્માન મળી શકે છે.

મિથુનઃ આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે.

કર્કઃ આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણુ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી. બહાર જતા પહેલાં બધી મહત્વપૂર્ણ બાબતોનું ધ્યાન રાખો અને નિયમોનું પાલન કરો.

સિંહઃ આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓ ધીરજ અને હળવા વર્તનથી સુધારી શકાય છે.

કન્યાઃ આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે. ભાગ્યમાં વિશ્વાસ રાખો અને આત્મવિશ્વાસથી કાર્ય કરો.

તુલાઃ આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો. તમને આજે સૌથી વધુ ગમતું કામ કરવા મળશે અને તમે તેમાં સારું પ્રદર્શન કરી શકશો.

વૃશ્ચિકઃ આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે. કાયમી મિલકતની બાબતમાં, પરિવાર અને આસપાસના લોકો થોડી મુશ્કેલી ઊભી કરવાનો પ્રયાસ કરશે.

ધનઃ આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. જો તમે રોજિંદા કાર્યો ઉપરાંત કેટલાક નવા કાર્યનો પ્રયાસ કરશો તો તમને ફાયદો થશે.

મકરઃ આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ. ભાગીદારીમાં વેપાર કરવાથી ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજને સંભાળવાની આજની સુવર્ણ તક છે.

કુંભઃ આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે, તેથી સાવચેત રહો. પરિવારમાં સુખ, શાંતિ અને સ્થિરતાનો આનંદ માણો. બધા લોકો એકબીજાને મદદ કરશે અને સમય જતાં એકબીજાને ટેકો આપશે.

મીનઃ આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે. તમને નજીકના ભવિષ્યમાં પરિણામ પણ મળશે. આજે તમારા ઘણાં અધૂરા કામો કરવામાં આવશે અને મહત્વની ચર્ચાઓ પણ થશે.

# પંચમહાલ લોકસભા બેઠક ઉપર ૫૮.૮૫ % મતદાન નોંધાવા પામ્યું

-કાલોલ વિધાનસભા વિસ્તારમાં ૬૯.૪૪ % સૌથી વધુ મતદાન નોંધાયું.
-શહેરા વિધાનસભા વિસ્તારમાં ૬૩.૫૫% મતદાન નોંધાયું.
-સૌથી ઓછું મતદાન બાલાસીનોર ૫૪.૨૮% નોંધાયું.

ગોધરા,

પંચમહાલ લોકસભા બેઠકની ૭ વિધાનસભાને આવરી લેતી બેઠક ઉપર શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થતાં જીલ્લા ચુંટણી અધિકારી અને તંત્રએ હાશકારો લીધો હતો. પંચમહાલ લોકસભા બેઠક ઉપર ૬ વાગ્યા સુધી કુલ ૫૮.૮૫ % મતદાન નોંધાવા પામ્યું છે.

આ માહિતી વિધાનસભા બેઠકવાર જોવા જઈએ તો ૧૨૯- ઠાસરા બેઠક ઉપર કુલ મતદારોની સંખ્યા ૨,૭૩,૮૯૧ હોય જેમાંથી નોંધાયલ મતદાન મુજબ ૮૧,૨૭૧-પુરૂષ મતદાર અને ૬૭,૫૪૮-મહિલાઓ મતદારોએ પોતાનો મત્તાધિકારનો ઉપયોગ કરતાં ૬.૦૦ વાગ્યા સુધી ૫૪.૩૪ % મતદાન ટકાવારી નોંધાવા પામી છે.૧૨૧-બાલાસીનોર બેઠક ઉપર કુલ મતદારોની સંખ્યા ૨,૯૨,૨૫૨ નોંધાયેલ છે. તેમાંથી ૮૫,૯૧૨-પુરૂષ મતદારો અને ૭૨,૭૧૩ મહિલા મતદારો મળી ૧,૫૮,૬૨૮ મતદારોએ પોતાના મત્તાધિકારનો



ઉપયોગ કર્યો. ૬.૦૦ વાગ્યા સુધી ૫૪૦૨૮ % મતદાન નોંધાવા પામ્યું છે.૧૨૨-લુણાવાડા બેઠક ઉપર ૨,૯૨,૧૪૧ નોંધાયેલ કુલ મતદારો છે. તેમાંથી ૮૬,૪૧૫ પુરૂષ મતદારો અને ૭૬,૧૧૨ મહિલા મતદારો મળી કુલ ૧,૬૨,૫૨૭ મતદારોએ પોતાના મત્તાધિકારનો ઉપયોગ કર્યો. ૬.૦૦ વાગ્યા સુધી ૫૫.૬૦ % મતદાન નોંધાવા પામ્યું છે.

૧૨૪-શહેરા વિધાનસભા બેઠક ઉપર ૨,૬૩,૩૪૭ નોંધાયેલ કુલ મતદારો હોય તેમાંથી ૮૮,૧૨૨ પુરૂષ મતદારો અને ૭૯,૨૪૫ મહિલા મતદારો મળી કુલ ૧,૬૭,૩૬૭ મતદારોએ પોતાનો મત્તાધિકારનો ઉપયોગ કર્યો. ૬.૦૦ વાગ્યા સુધી ૬૩.૫૫ %મતદાન નોંધાવા પામ્યું છે.૧૨૫- મોરવા(હ) વિધાનસભા બેઠક કુલ ૨,૩૦,૨૬૩ નોંધાયેલ મતદારોની સંખ્યા હોય તેમાંથી ૬૪,૦૬૭ પુરૂષ મતદારો અને ૬૧,૯૧૩ મહિલા મતદારો મળી કુલ ૧,૨૫,૯૮૨ મતદારોએ પોતાના મત્તાધિકારનો ઉપયોગ કરતાં ૬.૦૦ વાગ્યા સુધી ૫૪.૭૧ % મતદાન નોંધાવા પામ્યું.

૧૨૬- ગોધરા વિધાનસભા બેઠક ઉપર ૨,૮૨,૮૪૪ નોંધાયેલ મતદારોની સંખ્યા છે. તેમાંથી ૯૧,૨૫૦ પુરૂષ મતદારો અને ૭૯,૬૪૦ મહિલા મતદારો મળી કુલ ૧,૭૦,૮૯૮ મતદારોએ પોતાના મત્તાધિકારનો ઉપયોગ કરતાં ૬.૦૦ વાગ્યા સુધી ૬૦.૪૨ % મતદાન નોંધાવા પામ્યું.

૧૨૭- કાલોલ વિધાનસભા બેઠક ઉપર કુલ ૨,૬૨,૦૦૫ નોંધાયેલ મતદારોની સંખ્યા હોય તેમાંથી ૯૫,૨૨૯ પુરૂષ મતદારો અને ૮૬,૭૧૧ મહિલા મતદારો મળી કુલ ૧,૮૧,૯૪૦ મતદારોએ પોતાના મત્તાધિકારો મળી કુલ ૧,૮૧,૯૪૦ મતદારોએ પોતાના મત્તાધિકારનો ઉપયોગ કર્યો. ૬.૦૦ વાગ્યા સુધી ૬૯.૪૪ % મતદાન નોંધાવા પામ્યું છે.

## ગોધરા સીવીલ હોસ્પિટલ ખાતે હજ કમિટીના સભ્ય રૂકૈયાબેન ગુલામહુસેનવાલાની હાજરીમાં રસીકરણ કેમ્પ યોજાયો : ૬૨૪ હાજીઓએ રસીકરણ કરાવ્યું



સિવિલ હોસ્પિટલ ઈન્ચાર્જ . ડો.મોના પંડ્યા તેમને વધુમાં જણવ્યું હતું કે, આજરોજ હજયાત્રીઓના રસીકરણના કાર્યક્રમ દરમ્યાન ભારે ઘસારો જોતા ભીડને પહોચી વળવા માટે એક અલગ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૬૨૪ હજયાત્રીઓનું આજરોજ રસીકરણ કરવામાં આવેલ હતું. બાકીના હજ યાત્રીઓનું શુક્રવારના રોજ રસીકરણની બાકી કામગીરી પૂર્ણ કરવામાં આવશે. સિવિલ તંત્રના કર્મચારીગણ દ્વારા આયોજન બંધ કામગીરી કરવામાં આવેલ હતી.

ગોધરા,

આજરોજ સિવિલ ખાતે કુલ ૬૨૪ હજયાત્રીઓ નું રસીકરણ કરવામાં આવ્યું મળતી માહિતી મુજબ ગોધરા માંથી કુલ ૯૦૦ અને જીલ્લા માંથી ૧૦૬૦ જેટલા હાજીઓ હજયાત્રા જતાં હોવાનું જાણવા મળ્યું છે .
આજરોજ ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે સાઉદી અરેબિયા ખાતે ૨૦૨૪ માં હજયાત્રા એ જનાર હજ યાત્રીઓને ફરજીયાત નિયમો મુજબ રસીકરણ કરાવવાનું હોય છે. રસીકરણ બાદ જરૂરી કાગળોની પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ હજયાત્રા એ જઈ શકાય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે તાવ અને મેનેન્જાઈટિસ ઈન્ફલ્યુએન્ઝા પોલિયો રસીકરણનો કાર્યક્રમ ચોજવામાં આવેલ હતો તે સમયે હોસ્પ્સિપટલ ખાતે હજયાત્રીઓનો ભારે ઘસારો થતા સિવિલ તંત્ર દ્વારા વધારાના આયોજન સાથે રસીકરણની કામગીરી પૂર્ણ કરેલ હતી.સીવીલ હોસ્પિટલ ખાતે આજરોજ અને ૧૦ મી તારીખે હજયાત્રીઓના રસીકરણનો કાર્યક્રમ રાખવા શહેર અને જીલ્લા માંથી અંદાજીત ૧૦૬૦ જેટલા હજયાત્રીઓ હજયાત્રાએ જનાર છે. જેને લઈને સિવિલ ખાતે રસીકરણ કાર્યક્રમ યોજાયો હતો. તે દરમ્યાન હોસ્પિટલ ખાતે ભારે ઘસારો જોવા મળી રહ્યો હતો. ભીડને પહોચી વળવા માટે હોસ્પિટલના જવાબદાર અધિકારીઓએ આગવું આયોજન કરીને આજરોજ ૬૨૪ હજ યાત્રીઓના રસીકરણની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ હતી. હોસ્પિટલ તંત્ર સાથે રાજ્ય હજ કમિટીના ફિલ્ડ ટ્રેનર તેમજ સામાજીક કાર્યકરો તેમજ હજ કમિટીના સભ્ય રૂકૈયાબેન ગુલામહુસેનવાલા, સઈદખાન પઠાણ, ઈમરાન તેતરા, ઈસહાહાજી મામની, કમરૂદદીન શેખ (દીલુ હાજી), સલમાન રલીયા, સુલેમાન હાજી દુલલી, આરીફ ઘંત્યા, સુફીયાન કાદર, ઈરફાન ભમેડી, મહેફુઝ પટેલ, શોએબ સીંધી, મહેબૂબ શહેરી, મોહસીન મદારા હાજર રહીને જેહમત ઉઠાવીને કાર્યક્રમ ને સફળ બનાવેલ હતો.

## કાલોલ તાલુકાના પલાસાગામની સીમમાં ઈંટોના ભઠ્ઠાની ચિમનીઓ માં ભરપૂર પ્રમાણમાં પ્લાસ્ટિકનો ઉપયોગ

કાલોલ,

કાલોલ તાલુકાના પલાસાગામની સીમમાં માયા બ્રિક્શનામનો ઈંટ પકવવાનો ભઠ્ઠા આવેલા છે. આ ઈંટોના ભઠ્ઠામાં કાચીઈંટોને પકવવા માટે ચિમનીનો બનાવવામાં આવતી હોય છે જે સામન્ય રીતે ઓછાખર્ચે ખર્ચને ધ્યાનમાં લઈને પતરાણી ચીમનીઓ ઊભી કરી દેતા હોય છે. તદ્દઉપરાંત ઈંટોના ભઠ્ઠામાં ઈંટ પકવવા માટે વેસ્ટપ્લાસ્ટીકનો ભરપૂર પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવતો હોય છે જેના કારણે પતરાણી ચીમનીઓ માંથી



ધૂમાડાના ગોટેગોટા નીકળતા હોય છે. જે આસપાસના વિસ્તારમા પ્રદુષણ ફેલાવે છે. જ્યારે આવા બેફામ રીતે ચાલતા ઈંટોના ભઠ્ઠા પર ગુજરાત પોલ્યુશન બોર્ડ મંજુરી આપવા આવે છે કે કેમ તે તપાસનો વિષય છે કે પછી આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે ? કાલોલ તાલુકામાં બે ફામ રીતે ચાલતા ઈંટોના ભઠ્ઠામાં કોઈ ને કોઈ ઠેકાણે સિઝન દરમિયાન કામ કરતા શ્રમજીવીઓમાં મોતની ઘટના બનતી હોવાનાં અને અંદરો અંદર ભાગીદારો કે પછી કરતાં શ્રમજીવીઓ માં ઝગડા થવાના એંધાણને કારણે પોલીસ ફરિયાદો પણ નોંધાતી હોય છે. પરંતુ બેફામ રીતે ચાલતા ઈંટોના ભઠ્ઠાનાં માલિકો પાસે ધંધાને સંલગ્ન જોઈતી મંજૂરીઓ પણ મેળવે છે કે કેમ તેની પણ તપાસ થવી જરૂરી બની છે. કાલોલ તાલુકાના પલાસાગામ ની સીમમાં અવેલા માયા બિક્સનામનાં ઈંટોના ભઠ્ઠામાં થોડા દિવસઓ પહેલાં કાલોલ પોલીસ મથકે અંદરો અંદર વિવાદોની પોલીસ ફરીયાદ પણ થઈ છે. તેમજ આસપાસ ના વિસ્તારમા આવેલી જમીનોમાં ખોદકામ પણ કરી માટીનું ખનન કરવામા આવતાં ખાણ ખનીજ વિભાગ પણ રોયલ્ટી મંજૂરી આપી છે કે કેમ તે તપાસનો વિષય બન્યો છે.

## ગોધરા તાલુકાના એક ગામની સગીરા સાથે દુષ્કર્મના ગુનામાં આરોપી અને મદદગાર આરોપી મળી ૩ આરોપીને ૨૦ વર્ષની સજા ફટકારતી કોર્ટ

ગોધરા,

ગોધરા તાલુકાની સગીરા સાથે દુષ્કર્મ આચરનાર આરોપી તેમજ મદદગાર આરોપીઓ વિરૂદ્ધ ગોધરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ હતી. ફરિયાદ નોંધાતા પોલીસે પાંચ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. આરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ કોર્ટમાં રજુ કરતાં પંચમહાલ સ્પે.જજ અને બીજા એડી.સેશન્સ જજની કોર્ટમાં કેશ ચાલી જતાં ૩ આરોપીઓને ૨૦ વર્ષની સખત કેદની સજા કોર્ટે ફટકારી છે.ગોધરા તાલુકાના એક ગામની સગીરા સાથે દુષ્કર્મ આચરનાર આરોપી મનુભાઈ ચારણએ પટાવી ફોસલાવી દુષ્કર્મ આચરવામાં આવતાં આ બાબતે ગોધરા પોલીસ મથકે આરોપીઓ મનુભાઇ હરસુરભાઇ ચારણ, પ્રવિણભાઇ ધનાભાઇ ચારણ, જગદીશભાઇ હરસુરભાઇ ચારણ (રહે. કંકુથાંભલા, તા.ગોધરા), વિજય ઉર્ફે પપ્પુ જશવંતસિંહ બારીયા (રહે. વાવડી, ગોધરા), સુમિત્રાબેન જશવંતસિંહ સમરસિંહ બારીયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી હતી. આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા અને કોર્ટમાં ચાર્જશીટ રજુ કરવામાં આવતાં આરોપીઓ વિરૂદ્ધનો કેશ પંચમહાલ સ્પે.જજ તથા બીજા એડી.સેશન્સ જજ આર.જે.પટેલની કોર્ટમાં ચાલી ગયો હતો. સરકારી વકિલ આર.એમ.ગોહિલએ વિગતવાર દલીલો રજુ કરતા કોર્ટે દલીલો સાંભળ્યા બાદ આરોપીઓ મનુભાઈ ઉર્ફે મનોજભાઇ હરસુખભાઇ ચારણ, પ્રવિણ ધનાભાઈ ચારણ અને વિજય ઉર્ફે પપ્પુ જશવંતસિંહ બારીયાને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી હતી. જ્યારે જગદીશ ઉર્ફે જગો હરસુખભાઇ ચારણને ૩ વર્ષની સજા ફટકારવામાં આવી છે.

## કાલોલ તાલુકામાં પીડિત મહિલાને તેઓનું ત્રણ વર્ષનું બાળક ૧૮૧ અભયમ ટીમે પાછું અપાવ્યું

કાલોલ,

કાલોલ તાલુકામાં એક પીડિત મહિલના ત્રણ વર્ષના બાળકને તેમના પતિ અને સાસુ સસરાએ છીનવી લીધું હતું, જેથી તેઓએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન પાસે મદદની માંગણી કરી. ૧૮૧ ની ટીમ જ્યારે ઘટના સ્થળે પહોંચી ત્યારે પીડિત મહિલા જણાવે છે કે, મારા ત્રણ વર્ષના બાળકને મારા પતિ અને સાસુ સસરાએ લઈ લીધું છે. હું હાલોલ જી.આઇ.ડી.સી. મકાનમાં રહું છું અને અમારા હજુ લગ્ન નથી થયા. હું કંપનીમાં જોબ કરતી હતી. ત્યાં મારો પતિ પણ જોબ કરતો હતો. ત્યારે મારા પતિએ મને જણાવ્યું હતું કે તેઓના લગ્ન થઈ ગયા છે અને પહેલી પત્ની દ્વારા તેઓના બે બાળકો પણ છે, પરંતુ તેઓ તેમની જોડે રહેવા નથી માંગતા. પહેલી પત્નીને છૂટું આપી તેઓ મારી જોડે રહેવા માંગે છે, એવું તેમણે મને જણાવ્યું, આવી રીતે વિશ્વાસમાં લઈ તેઓએ મારી જોડે જી.આઈ.ડી.સી.માં રહેવાનું શરૂ કર્યું અને તેઓ દ્વારા મને ત્રણ વર્ષનું બાળક પણ છે. પરંતુ હવે તેઓ મારી જોડે રહેવા નથી માંગતા. જ્યારે હું કંપનીમાં જોબ કરતી હતી ત્યારે મારી ઉંમર ૧૭ વર્ષની હતી.તે સમયે મારા પતિએ મારી જોડે રહેવા માટે મને કહ્યું હતું. તેઓના વિશ્વાસથી હું તેમની જોડે રહેતી હતી. તેમણે કહ્યું હતું કે મારી પહેલી પત્નીને હું છૂટું આપી દઈશ. ત્યારબાદ તેઓએ પંચ બોલાવી પહેલી પત્નીને છૂટું આપી દીધુ હતું. ત્યારબાદ તેઓ મારી જોડે રહેવા લાગ્યા. પરંતુ તેઓ મારી જોડે મારપીટ કરી મને અપશબ્દ બોલતા હતા. તેથી મને એ પસંદ ન આવતા મેં પણ એને છૂટું આપી દીધું. ત્યારબાદ મેં બીજા લગ્ન કરી લીધા.પરંતુ તેઓનું આયુષ્ય બહુ લાંબુ નહીં હતું તેથી તેઓ મૃત્યુ પામ્યા. ત્યારબાદ કંપનીમાં અમે ફરીથી મળ્યા અને એકબીજા જોડે રહેવાનું નક્કી કર્યું. ત્યારબાદ મને તેઓ દ્વારા એક બાળકનો જન્મ થયો. પરંતુ બાળકના જન્મ બાદ તેઓ મારી જોડે સારૂં વર્તન કરતા ન હતા. તેઓ જ્યારે કંપનીમાં જતા ત્યારે મને રૂમમાં પૂરીને જતા હતા. મને કોઈ પણ જગ્યાએ ફરવા માટે પણ જવા દેતા નહીં હતા. આવી પરિસ્થિતિ માટે આપણે જે પત્નીને છૂટું આપ્યું હતું તેમની જોડે પણ રહેવાનું ચાલુ કર્યું. અને મારી જોડે રહેતા ત્યારે મને અપશબ્દ બોલી મારપીટ કરતા હતા. જ્યારે પણ તેઓ કોઈ જગ્યાએ જવાના હોય ત્યારે મને રૂમમાં પૂરીને જતા હતા. આવી પરિસ્થિતિમાં હું તેમના જોડે કેવી રીતે રહું. મને મારા બાળક જોડે પણ રહેવા દેતા ન હતા. આવી રીતે વારંવાર તકલીફો સહન કરી હું તેઓની જોડે રહેતી હતી.પરંતુ હવે હું સહન કરી શકું એમ નથી. તેથી મેં ૧૮૧ અભયમ ટીમનીહતી.પરંતુ હવે હું સહન કરી શકું એમ નથી. તેથી મેં ૧૮૧ અભયમ ટીમની મદદ માટે ફોન કર્યો હતો. ત્યારબાદ ૧૮૧ અભયમ ટીમ ઘટના સ્થળે પહોંચી બંને પક્ષોનું કાઉન્સિલિંગ કર્યું. પતિ દ્વારા છીનવી લેવાયેલ પીડિત મહિલાનું બાળક તેઓને પાછું અપાવ્યું. ત્યારે પીડિત મહિલાએ ૧૮૧ ટીમના આભાર માન્યો. ત્યારબાદ આ કેસની વધુ તપાસ માટેતેઓને પોલીસ સ્ટેશન લઈ જઈ તપાસ કરવાની માંગણી કરી.

## પંચમહાલ લોકસભા બેઠકના મધ્યસ્થ સ્ટ્રોંગરૂમ તમામ મતદાન સામગ્રી ખસેડ્યા બાદ સીલ કરવામાં આવ્યા



ગોધરા,

સમગ્ર પંચમહાલ લોકસભા બેઠક પર ગતરોજ શાંતિપૂર્ણ માહોલમાં મતદાન સંપન્ન થયું હતું. પંચમહાલ લોકસભા બેઠક પર ૫૮.૮૫ ટકા જેટલું મતદાન નોંધાયું હતું. મોડીસાંજે મતદાન સંપન્ન થયાં બાદ વિધાનસભા મતવિસ્તારના ઈવીએમ મશીન ડીસ્પેચિંગ સેન્ટર પર ઈવીએમ મશીન અને વીવીપીએટ મશિન એકત્રિત કરવામાં આવ્યા હતા. જે બાદ મોડીરાત્રે ગોધરા તાલુકાના નસીરપુર ખાતે આવેલા લોકસભા બેઠકના મધ્યસ્થ સ્ટ્રોંગરૂમ ખાતે તમામ મતદાન સામગ્રી ખસેડવામાં આવી હતી. બુધવારે સવારે તમામ રાજકીય પક્ષોના ઉમેદવારો, જિલ્લા ચૂંટણી અધિકારી, તેમજ લોકસભા બેઠકના જનરલ નિરીક્ષકની ઉપસ્થિતિમાં સ્ટ્રોંગરૂમ ખાતે તમામ ઈવીએમ અને વીવીપીએટ મશિન સિલ કરીને મૂકવામાં આવ્યા હતા. સાથે જ કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓના સુરક્ષા ગાર્ડ સ્ટ્રોંગરૂમ ખાતે તૈનાત કરવામાં આવ્યા હતા. આગામી ચાર જૂનના રોજ તમામ ઉમેદવારોના ભાવિનો ફેંસલો સામે આવશે.

## ગોધરા જી.આઈ.ડી.સી. પડીયા-પતરાળા ગોડાઉનમાં આગ લાગતાં ફાયર ફાયટરોએ ૩ કલાકની જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો



ગોધરા,

ગોધરા શહેર જી.આઈ.ડી.સી.માં પડીયા-પતરાળાના ગોડાઉનમાં વહેલી સવારે કોઈ કારણોસર આગ લાગી હતી. આગની ઘટનાને લઈ પાલિકા ફાયર બ્રિગેડને કોલ કરતાં ફાયર ફાયટરોએ પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો.ગોધરા જી.આઈ.ડી.સી.માં પડીયા-પતરાળાના ગોડાઉનમાં વહેલી સવારે કોઈ આકસ્મિક કારણોસર આગ લાગી હતી. પડીયા-પતરાળાના ગોડાઉનમાં લાગેલ આગને લઈ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ગોડાઉન માલિક દ્વારા પાલિકા ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતાં ફાયર ફાયટરોએ ચાર ફાયર બ્રાઉઝરો દ્વારા ૩ કલાક સુધી સતત પાણીનો મારો ચલાવીને આગ ઉપર કાબુ મેળવ્યો હતો. પડીયા-પતરાળાના ગોડાઉનમાં લાગેલ આગની બાજુમાં આવેલ ખાદ્ય તેલના ગોડાઉનમાં પ્રસરે તે પહેલા આગ ઉપર કાબુ મેળવવામાં આવ્યો હતો. પડીયા-પતરાળાના ગોડાઉનમાં લાગેલ આગના કારણે લાખો રૂપીયાનું નુકશાન થવા પામ્યું છે. સદ્દનસીબે કોઈ જાનહાનિ થવા પામી ન હતી.

## મેગા જોબ ફેરનું આયોજનઃ ગોધરા ખાતે આવેલા એન્જિનિયરિંગ કોલેજ ટુવા ખાતે ૪૧૦થી વધારે વિદ્યાર્થીઓ સિલેક્ટ થયા

ગોધરા,

ગોધરા ખાતે આવેલા એન્જિનિયરિંગ કોલેજ ટુવા ખાતે મેગા જોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૯૦થી વધારે વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જેમાં ડીપ્લોમા એન્જિનિયરિંગ તથા ડીગ્રી એન્જિનિયરિંગની જુદી જુદી શાખાઓમાં જેવા કે મીકેનીકલ, ઈલેક્ટ્રીકલ, સિવિલ, કોમ્પ્યુટરના




વિદ્યાર્થીઓ તથા આઇ.ટી.આઈના જુદા જુદા ટ્રેના વિદ્યાર્થીઓએ ખુબ જ ઉત્સાહ સાથે રોજગારીની ઉચ્ચ તક મળી રહે એવી



આશાથી ભાગ લીધો હતો.

જેમાં આદિત્ય બિરલા, સીએટ ટાયર, એલ.એમ વીન્ડ પાવર, એપોલો ટાયર, ઈઝઈ ઈન્ટરનેશનલ, એનબીસી બેરિંગ, સેફલર, યજાકી, ટિકિટર, લોડ સ્ટાર, નોબલ ઓટોમેટીવ જેવી ૨૫ કંપનીઓએ ભાગ લીધો હતો. અલગ અલગ કંપનીઓએ ૪૧૦થી વધારે વિદ્યાર્થીઓ સિલેક્ટ કર્યા હતા. સંસ્થાના ટ્રસ્ટી, આચાર્ય તેમજ સ્ટાફ ગણે વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.